ક્રમાંક–જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/ ૦૮
જીઆઈડીસી, ઉદ્યોગભવન,ગાંધીનગર.
તા. ૬ /૫/૨૦૧૫

**//પરિપત્ર//**

વિષયઃ– નિગમની ઔદ્યોગિક વસાહતોમાં આંગણવાડી માટે ટોકન દરે જમીન ફાળવવા અંગે.
સંદર્ભઃ– નિયામક મંડળશ્રીની સભાના ઠરાવ ક્રમાંક–૨૯/વિતરણ/૪૭૮/૨૦૧૫

સરકારશ્રીના મહિલા અને બાળ કલ્યાણ ખાતાની ઈન્ટીગ્રેટેડ બાળ વિકાસ યોજના (આઈસીડીએસ) અંતર્ગત આંગણવાડી યોજના ચલાવવામાં આવે છે. આ યોજના અંતર્ગત નિગમની કોઈપણ વસાહતમાં નિગમ ધ્વારા વિકસાવવામાં આવેલ વસાહતમાં કાર્યરત ઉદ્યોગકારો તથા વિવિધ એકમોમાં કાર્યરત કામદારોનાં બાળકોના લાભાર્થે આઈ.સી.ડી.એસ. અંતર્ગત આંગણવાડીની સ્થાપના કરવા માટે દરખાસ્ત મળે તો જે તે વસાહતમાં ઉપલબ્ધીના આધારે આંગણવાડીની સ્થાપના અર્થે અનુકૂળ જમીનની ઉપલબ્ધીના આધારે રૂા.૧/– ના ટોકન દરે જમીન ફાળવણીનો નિર્ણય લેવામાં આવ્યો.

ઉપરોકત જમીનની ફાળવણીની સત્તા નિગમના માન. ઉપા. અને વ. સં. શ્રી ને રહેશે.

સહી/–
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

**નકલ જયભારત સહ રવાનાઃ–**

(૧) પ્રમુખશ્રી ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) કાર્યપાલક નિયામકશ્રી (એસએન્ડએ), જીઆઈડીસી, ગાંધીનગર નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

મંજુરી મુજબ જારી કર્યું

કાર્યપાલક નિયામક (ઈએન્ડએ).